સીબીએસઈનું ધોરણ-૧૨નું ૮૩.૪ ટકા પરિણામ

અમદાવાદ,તા. ૨

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ) દ્વારા આજે ધોરણ-૧૨નું રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ પોતાનું રિઝલ્ટ સીબીએસઈની ઓફિશિયલ વેબસાઈટ સીબીએસઈ.એનઆઈસી.ઈન પર જોઈ શકે છે. આ વર્ષે ૧૨માંની પરીક્ષામાં કુલ ૧૨.૮૭ લાખ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાંથી કુલ ૮૩.૪ ટકા બાળકોએ ૧૨માંની બોર્ડની પરીક્ષા પાસ કરી છે. સૌથી વધુ ત્રિવેન્દ્રમ રીઝનમાં ૯૮.૨ ટકા બાળકો પાસ થયા છે. ચેન્નાઈ રિઝનનું પરિણામ ૯૨.૯૩ ટકા અને દિલ્હી રિઝનનું પરિણામ ૯૧.૮૭ ટકા રહ્યું છે. આવી જ રીતે ઈન્ટરનેશનલ સ્કુલોમાં પાસ થયેલા વિદ્યાર્થીઓની ટકાવારી ૯૫.૯૩ ટકા રહી છે. પરીક્ષામાં ટોપ ઉપર બે વિદ્યાર્થીની રહી છે.

સીબીએસઈ દ્વારા જણાવાયું હતું કે, અત્યારસુધીના ઈતિહાસમાં પહેલી વખત પરીક્ષા પૂર્ણ થયાને ૨૮ દિવસમાં જ રીઝલ્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૧૨માં ધોરણના પરિણામમાં સતત પમી વખત વિદ્યાર્થિનીઓએ બાજી મારી છે. બોર્ડની પરીક્ષામાં ૨૦૧૪માં છેલ્લી વખત સાર્થક અગ્રવાલ ૯૯.૬ ટકાની સાથે ટોપર બન્યો હતો. જે બાદથી સતત ૫ વર્ષથી યુવતીઓ ટોપર બને છે. આ વર્ષે વિદ્યાર્થીઓથી ૯ ટકા વિદ્યાર્થીનીઓ પાસ થઈ છે, આ વખતે ૪,૬૨૭ પરીક્ષા કેન્દ્ર, ૧૨.૮૭ લાખ વિદ્યાર્થીઓ હતા. જેમાંથી ૯૪,૨૯૯ છાત્ર-છાત્રાઓએ ૯૦ ટકા માર્ક મેળવ્યાં છે. દેશભરમાં ૮૩.૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા. ગત વખતની તુલનામાં ૦.૪ ટકા રિઝલ્ટ સુધર્યું છે. વિદેશ સ્થિત સ્કૂલોના પરિણામોમાં પણ સુધારો થયો. આ વખતે ૯૫.૪૩ ટકા, રિઝલ્ટ રહ્યું, ગત વખતે ૯૪.૯૪ ટકા હતું. સ્પેશિયલ કેટેગરીમાં હેરિટેજ સ્કૂલ, ગુડગાંવની લાવણ્યા બાલકૃષ્ણને ૪૮૯ પોઈન્ટની સાથે પહેલું સ્થાન મેળવ્યું હતું. દરમ્યાન સીબીએસઈના ચેરમેન અનિતા કરવાલે જણાવ્યું હતું કે, સીબીએસઈ બોર્ડના કર્મચારીઓ છેલ્લાં ૧૫ દિવસથી રિઝલ્ટ તૈયાર કરવાના કાર્યોમાં જ જોતરાયેલાં હતા. આ વખતે રેકોર્ડ ૨૮ દિવસમાં રિઝલ્ટ જાહેર કરવા માટે કર્મચારીઓ ઘરે પણ ગયા ન હતા. બોર્ડની પરીક્ષાઓ તા.૪ એપ્રિલે પૂર્ણ થઈ ગઈ હતી અને તા. ૨ મેનાં રોજ રિઝલ્ટ જાહેર કરી દેવાયું છે. બોર્ડના જણાવ્યા મુજબ આગામી વર્ષથી પરીક્ષાઓ ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થઈ જશે.

રિઝલ્ટ આ રીતે જ મેના પહેલાં સપ્તાહમાં આવી જશે, કે જેથી છાત્રોને યુનિવર્સિટીઝમાં પ્રવેશ માટે પર્યાપ્ત સમય મળી શકે. અત્યાર સુધી ૧૦ રીઝનમાં પરીક્ષા થતી હતી પરંતુ આગામી વખતથી કુલ ૧૬ રીઝનમાં પરીક્ષાઓ થશે. કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકરે પણ પરીક્ષામાં પહેલું સ્થાન મેળવનાર હંસિકાને અભિનંદન પાઠવ્યા હતા.

ટોપર હંસિકા આઈએસએસ બનવાની ઈચ્છા રાખે છે

સીબીએસઈ બોર્ડનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું. બોર્ડનું પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હંસિકા શુક્લા અને કરિશ્મા અરોરા દેશમાં પ્રથમ સ્થાને રહી છે. આ બંને વિદ્યાર્થીનીઓએ ૫૦૦માંથી ૪૯૯ માર્ક મેળવી લીધા છે. ૧૩ લાખ વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ની પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષાની છેલ્લી તારીખના ૨૮ દિવસના ગાળામાં જ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં ધોરણ ૧૨ અને ધોરણ ૧૦ની પરીક્ષા યોજવામાં આવી હતી. બોર્ડની પરીક્ષામાં આ વખતે પણ હંસિકા શુક્લા ટોપ ઉપર રહી છે. હંસિકા શુક્લા ડીપીએસ ગાઝિયાબાદમાં અભ્યાસ કરે છે.

જ્યારે કરિશ્મા અરોરા મુઝફ્ફરનગરમાં એસડી પબ્લિક સ્કુલમાં અભ્યાસ કરે છે. બંનેએ ૫૦૦માંથી ૪૯૯ માર્ક મેળવ્યા છે. હંસિકાના માર્કની વાત કરવામાં આવે તો અંગ્રેજીમાં એક માર્ક કપાયો છે. પોલિટીકલ સાયન્સ અને અન્ય વિષયમાં પુરેપુરા માર્ક આવ્યા છે. હંસિકા શુક્લાના પિતા સાકેતકુમાર રાજ્યસભામાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે છે. જ્યારે તેમની માતા મીના શુક્લા વીએમએલજી કોલેજમાં ટિચર છે. હંસિકા આઈએએસ બનીને બાળકોને ભણાવવાની ઈચ્છા ધરાવે છે. બીજા સ્થાને ત્રણ વિદ્યાર્થીનીઓ રહી છે જેમાં ગૌરાંગી ચાવલા, રાયબરેલીની ઐશ્વર્યા અને જિંદની ભવ્યાના ૪૯૮ માર્ક છે.

સીબીએસઈ ટોપર એવી ગાઝિયાબાદની હંસિકા શુક્લાને પોલિટિકલ સાયન્સ, હિસ્ટ્રી, સાઈકોલોજી અને વોકલ મ્યૂઝિકમાં ૧૦૦માંથી ૧૦૦ અને ઈંગ્લિશમાં ૧૦૦માંથી ૯૯ માર્ક મળ્યાં છે. તેણીએ જણાવ્યું હતુ કે, તેની માતા ઈચ્છે છે કે, હું પોલિટિકલ સાયન્સનો અભ્યાસ કરું, પરંતુ મેં ઘરે રહીને અભ્યાસ કર્યો. હું આગળ સાઈકોલોજીમાં ભણવા માગુ છું. ઈન્ડિયન ફોરેન સર્વિસમાં જવા ઈચ્છું છું.

આડાહાથરોલમાંથી સગીરાનું અપહરણ કરાતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૨

હિંમતનગર તાલુકાના આડાહાથરોલ ગામે રહેતી એક સગીરાનું બુધવારે ગામના જ એક શખ્સે બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી લલચાવી ફોસલાવી ભગાડી ગયાની ફરીયાદ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે આડાહાથરોલ ગામે રહેતા એક રહીશે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ બુધવારે તેમની ૧૩ વર્ષની ભાણીને ગામના જ ભરતજી જયંતજી પરમાર નામનો શખ્સ લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા સગીરાના મામાએ ભગાડી ગયેલ શખ્સ વિરૂદ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ઈશરત કેસમાં વણઝારા અને અમીન ડિસ્ચાર્જ કરી દેવાયા

સરકાર દ્વારા અગાઉ બંને નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારી સામે પ્રોસીકયુશનની મંજૂરી આપી ન હતી : બંનેને રાહત

અમદાવાદ,તા. ૨

ગુજરાત સહિત દેશભરમાં જબરદસ્ત ખળભળાટ મચાવનારા ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં પૂર્વ આઈપીએસ ડી.જી.વણઝારા અને પૂર્વ ડીવાયએસપી એન.કે અમીનને આજે અમદાવાદની મીરઝાપુર ગ્રામ્ય કોર્ટ સ્થિત સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટે બહુ મોટી રાહત આપતા આ કેસમાંથી ડિસ્ચાર્જ(બિનતહોમત) છોડી મૂકવાનો મહત્વનો ચુકાદો આપ્યો હતો. અગાઉ આ બંને નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ આ કેસ સંદર્ભે પ્રોસીકયુશન(ફોજદારી કાર્યવાહીનો કેસ ચલાવવા) અંગે રાજ્ય સરકારે જરૂરી મંજૂરી આપી ન હતી, જેને ધ્યાને લઈ સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટે આજે વણઝારા અને અમીનને આ કેસમાં ડિસ્ચાર્જ કર્યા હતા.

ગત તા.૧૫ જૂન ૨૦૦૪ના રોજ અમદાવાદના કોતરપુર વોટર વર્કસ નજીક મુંબઈની ૧૯ વર્ષની ઈશરત જહાં અને તેના સાથીઓ જાવેદ શેખ ઉર્ફે પ્રણેશ પિલ્લઈ, અમજદ અલી ઉર્ફે રાજકુમાર,અકબર અલી રાણા અને જીશાન જોહર અબ્દુલ ગનીનું એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. ગુજરાત પોલીસે બાદમાં જણાવ્યું હતું કે ઈશરત આંતકી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી હતી અને તે મોદી સહિતના મહાનુભાવોને ખતમ કરવાના ષડયંત્રના ભાગરૂપે અહીં આવી હતી.

જો કે, બાદમાં આ કેસમાં સમગ્ર તપાસ સીબીઆઈને સોપાઈ હતી અને ડી.જી.વણઝારા, એન.કે.અમીન સહિતના ગુજરાતના ટોચના અધિકારીઓને જેલ જવું પડ્યું હતું. દરમ્યાન આ કેસના ટ્રાયલ દરમ્યાન બંને પૂર્વ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ડી.જી.વણઝારા અને એન.કે.અમીન સામે કેસ ચલાવવા રાજ્ય સરકારની અનુમતિ છે કે કેમ તે મુદ્દે વલણ સ્પષ્ટ કરવા સીબીઆઈને નિર્દેશ કર્યો હતો, જેના અનુસંધાનમાં સીબીઆઈ દ્વારા રાજ્ય સરકાર પાસેથી બંને અધિકારીઓ સામે સીઆરપીસીની કલમ-૧૯૭ હેઠળ પ્રોસીકયુશન માટે જરૂરી મંજૂરી માંગી હતી. જો કે, રાજ્ય સરકારે ઉપરોકત એન્કાઉન્ટર ફરજના ભાગરૂપે કરાયેલું કૃત્ય હોઈ વણઝારા અને અમીન સામે પ્રોસીકયુશનની મંજૂરી આપી ન હતી. સીબીઆઈના સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર આર.સી.કોડેકર દ્વારા કોર્ટને અગાઉ આ નિર્ણયની જાણ પણ કરાઈ હતી. સરકારના આ વલણ બાદ બંને નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારીઓ ડી.જી.વણઝારા અને એન.કે. અમીને ડિસ્ચાર્જ કરી રજૂઆત કરી હતી કે, તેઓ આ કેસમાં ખોટી રીતે સંડોવાયેલા છે અને તેઓની વિરૂધ્ધ કોઈ જ પ્રથમદર્શનીય પુરાવા નથી. અરજદારો કર્તવ્યનિષ્ઠ પોલીસ અધિકારીઓ છે અને તેઓએ જે તે વખતે રાજયની સલામતી અને સુરક્ષાના હિતમાં તેમ જ ફરજના ભાગરૂપે ઉપરોકત એન્કાઉન્ટર કર્યું હતું. વળી, રાજ્ય સરકારે પણ તેમની વિરૂધ્ધ પ્રોસીકયુશનની મંજૂરી આપી નથી, ત્યારે હવે કોર્ટે પણ અરજદારોને આ કેસમાંથી બિનતહોમત છોડી મૂકતો હુકમ કરવો જોઈએ અને તેમની ડિસ્ચાર્જ અરજી મંજૂર કરવી જોઈએ. સીબીઆઈ સ્પેશ્યલ જજ જે.કે.પંડયાએ બંને ઉચ્ચ પોલીસ અધિકારીઓની અરજી મંજૂર રાખી તેઓને આ કેસમાંથી બિનતહોમત છોડી મૂકતો બહુ મહત્વનો ચુકાદો જાહેર કર્યો હતો.

રાહુલ સામે મુશ્કેલી : હવે સુરતની કોર્ટ દ્વારા સમન્સ

અમદાવાદ, તા.૨

કર્ણાટકમાં લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમ્યાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લઈ કરાયેલી વિવાદીત ટિપ્પણીને લઈ સુરતના ભાજપના ધારાસભ્ય દ્વારા રાહુલ ગાંધી સામે સુરત ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં બદનક્ષીની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, જેની સુનાવણીમાં કોર્ટે રાહુલ ગાંધીને સમન્સ જારી કરતો હુકમ કર્યો હતો. જેને પગલે હવે અમદાવાદ બાદ સુરતના કેસમાં પણ રાહુલ ગાંધીને સમન્સ જારી થતાં તેમની કાનૂની મુશ્કેલીમાં વધારો થયો છે. લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમ્યાન થોડા દિવસો પહેલા કર્ણાટકમાં રાહુલ ગાંધીએ બધા મોદી ચોર છે એ બાબતે વિવાદીત ટિપ્પણી કરી હતી, જેને લઈ સુરત શહેર ભાજપના પશ્ચિમ બેઠકના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ રાહુલ ગાંધીની વિરુદ્ધ બદનક્ષીની ફરિયાદ સુરત કોર્ટમાં દાખલ કરી હતી. કર્ણાટકમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી વિરુદ્ધ કરેલી ટિપ્પણી સામે મોઢવણિક સમાજ વતી ઉપપ્રમુખ અને ધારાસભ્ય પૂર્ણેશ મોદી દ્વારા સુરતના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ખાનગી ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ગત ૧૩મી એપ્રિલના રોજ રાહુલ ગાંધીએ બેંગ્લોરથી લગભગ ૧૦૦ કી.મી દૂર એક જાહેર સભા સંબોધી હતી અને નિવેદન કર્યું હતું કે બધા જ ચોરોના ઉપનામ મોદી કેમ હોય છે. આટલું જ નહીં પણ રાફેલ વિમાન સોદા બાબતે જણાવ્યું હતું કે, ચોકીદાર ૧૦૦ ટકા ચોર છે. સમગ્ર ભારતમાં મોદી અટકધારી મોઢવણિક સમાજ તરીકે પ્રવર્તમાન છે.

બોપલમાં વકીલ સાહેબ બ્રીજ નીચેથી બાઈકની ચોરી કરાઈ

જો તમે શહેરના બ્રિજ નીચે વાહન પાર્ક કરીને જાઓ છો તો તમારું વાહન હવે સુરક્ષિત નથી, કારણ કે શહેરના જુદા જુદા વિસ્તારમાં બ્રિજ નીચેથી વાહનચોરી કરતી ગેંગ સક્રિય બની છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાહનચોરીની ઘટનાઓ અને બનાવો નોંધનીય રીતે વધ્યા છે તેમછતાં શહેર પોલીસ દ્વારા આવી વાહનચોરી કરતી ગેંગ કે તેના સાગરિતો સામે અસરકારક કાર્યવાહી થતી નહી હોઈ નાગરિકોમાં પોલીસની ભૂમિકાને લઈને પણ આક્રોશ વ્યાપી રહ્યો છે. ગઈકાલે બોપલ વિસ્તારમાં આવેલ વકીલસાહેબ બ્રિજ નીચે એમબીએમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી રૂપિયા ૧.૧૨ લાખની કેટીએમ બાઈક પાર્ક કરી સાણંદ ખાતે ટ્રેનિંગમાં ગયો હતો, તે દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સો બાઈકની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

છેલ્લા પાંચ વર્ષમાં શહેરમાં ૪૦૪૮ વૃક્ષોનું નિકંદન થયું

ગ્રીનરી મામલે અમદાવાદ ગુજરાતના વડોદરા, રાજકોટ અને ભાવનગર કરતાં પણ પાછળ રહ્યું : ચિંતાજનક સ્થિતિ

અમદાવાદ,તા. ૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ગ્રીનરી માત્ર ૫.૨૫ ટકા હોઈ તેમાં વધારો કરવાના બણગાં દર વર્ષે ફૂંકાય છે. દર ચોમાસામાં લાખો રૂપિયાના ખર્ચે ટ્રી ગાર્ડ ખરીદાય છે અને મ્યુનિ. તિજોરીમાંથી વૃક્ષારોપણ માટે પાણીની જેમ પૈસા વપરાય છે. પરંતુ આમાં આઘાતજનક બાબત એ છે કે, ખુદ તંત્ર દ્વારા વિભિન્ન પ્રોજેકટો માટે છેલ્લાં પાંચ વર્ષમાં ૪૦૪૮થી વધુ લીલાંછમ વૃક્ષોનું નિકંદન કાઢી નાંખવામાં આવ્યું છે. શહેરમાં જે પ્રકારે ગ્રીન પટ્ટા એટલે કે, હરિયાળા વૃક્ષોનું નિકંદન એક યા બીજા કારણોસર નીકળી રહ્યું છે તે જોતાં આવનારા વર્ષોમાં પરિસ્થિતિ ઘણી ગંભીર અને ચિંતાજનક બનવાની વકી છે. એક રીતે, ગ્રીન સીટીની અમ્યુકોની મુહીમ માત્ર કાગળ પર જ રહી છે. શહેરમાં ખાડિયા જેવા વિસ્તારમાં નહીંવત હરિયાળી છે તો એક સમયના લીલાંછમ યુનિવર્સિટી વિસ્તારમાંથી હરિયાળાં વૃક્ષો ઓછાં થતાં જાય છે. હવે ગ્યાસપુરમાં સૌથી વધુ વૃક્ષો છે. આમ તો અમદાવાદ ગ્રીનરીના મામલે રાજ્યના વડોદરા, રાજકોટ અને ભાવનગર કરતાં પણ પાછળ છે. અમદાવાદ કરતાં રાજકોટમાં ગ્રીનરી વધારે છે. માત્ર સુરત વૃક્ષોનાં મામલે અમદાવાદ કરતા પાછળ છે. તાજેતરમાં મ્યુનિ. કમિશનર વિજય નહેરાના આદેશથી આગામી ચોમાસામાં કોર્પોરેટ કંપનીઓએ પણ ફરજિયાત વૃક્ષારોપણ કરવું પડશે. આ ઉપરાંત સીજી રોડની જેમ શહેરના માર્ગો પર ૧૦ થી ૧૨ ફૂટ ઊંચા લીમડા, આસોપાલવ અને ગુલમોરનાં વૃક્ષો વવાશે. શહેરને લીલુંછમ બનાવવા તંત્રએ પાંચ લાખ નાના રોપા, ઉપરાંત પાંચ લાખ મોટા રોપા વાવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. કુલ દસ લાખ રોપાથી અમદાવાદને હરિયાળું બનાવાશે.

વદરાડથી સમાજવાડી સુધીના રોડનું કામ અધુરૂ છોડી દેવાતા કચવાટ

૧.૧૦ કરોડના ખર્ચે બની રહેલ રોડ પૈકીનો ૧૨૦ મીટરમાં કામ ન કરવા દેવાયુ

હિંમતનગર, તા. ૨

પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામના તળાવથી પ્રાંતિજ રેલવે સ્ટેશન નજીક આવેલ બાવન ગોળ કડવા પાટીદાર સમાજવાડી સુધીના રોડ માટે સરકારે રૂ. ૧.૧૦ કરોડથી વધુની રકમ મંજુર કરી હતી. જેથી લોકસભાની ચૂંટણી અગાઉ રોડનું કામ શરૂ કરાયુ હતુ પરંતુ આ રોડની સાઈડમાં જમીન ધરાવતા મુઠ્ઠીભર ખેડૂતોની આડોડાઈને કારણે રોડ પૈકીના ૧૨૦ મીટરમાં ડામરકામ ઈજારદાર દ્વારા અધુરૂ છોડી દેવાતા અહીંથી પસાર થતા અનેક ગામના લોકોમાં કચવાટની લાગણી પ્રસરી છે.

આ અંગે ગ્રામજનોના જણાવાયા મજુબ પ્રાંતિજ રેલવે સ્ટેશન નજીક બાવન ગોળ કડવા પાટીદાર સમાજના ૪૦ થી વધુ ગામના લોકોના સહયોગથી તથા ધારાસભ્ય અને સંસદસભ્યએ આપેલી ગ્રાન્ટની રકમનો ઉપયોગ કરી વિશાળ સમાજવાડી બનાવાઈ છે. જ્યાં સમાજના સમુહ લગ્નો તથા અન્ય નાનામોટો પ્રસંગો માટે આ વાડીનો ઉપયોગ થાય છે. જેના લીધે આ રોડ પર જ્ઞાતિજનોની અવરજવર વધી રહી છે.

પરંતુ રોડની આજુબાજુમાં આવેલા ખેડૂતોએ રોડ સાઈડમાં દબાણ કર્યુ હોવા છતા ઈજારદારે રોડને વળાંક આપ્યો છે તેમ છતાં ૧૨૦ મીટરના આ પટ્ટામાં મુઠ્ઠીભર ખેડૂતો રોડનું પેવરકામ કરવા દેતા નથી. જોકે આ જગ્યા રોડ માટે વર્ષોથી સંપાદિત થઈ હોવા છતાં કેમ ઈજારદાર આટલા વિસ્તારનુ કામ અધુરૂ છોડીને જતા રહ્યા છે. ગ્રામજનોની માંગણી છે કે ઈજારદારે આ મુઠ્ઠીભર ખેડૂતોની પરવા કર્યા વિના રોડનું બાકી રહેલુ કામ સત્વરે પૂર્ણ કરી દેવુ જોઈએ જ્યાં સુધી રોડનું તમામ કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈજારદારને ચૂકવલવાની થતી રકમ અટકાવવા માટે ગ્રામજનોએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરવા માટે ગુરૂવારે સમાજવાડીમાં બેઠક કરી હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

નિવૃત્ત પ્રોફેસર્સને સેટ ઓફ કર્યા બાદ પેન્શન ચૂકવવા માટે હુકમ

અમદાવાદ,તા. ૨

ગુજરાત હાઈકોર્ટે આજે વિવિધ કોલેજોમાંથી નિવૃત્ત થયેલા પ્રોફેસરો અને વહીવટી કર્મચારીઓને લઈ મોટી રાહત આપી છે. હાઈકોર્ટે એનપીએફ (કોન્ટ્રીબ્યૂટરી પ્રોવિડન્ટ ફંડ)નો ઓપ્શન પસંદ કરનારા નિવૃત્ત કર્મચારીઓને પેન્શન નહી આપવાના રાજ્ય સરકારના નિર્ણયને રદ કર્યો છે. હાઈકોર્ટે રાજ્ય સરકારનો નિર્ણય ભૂલભરેલો ગણાવી આઠ વીકમાં સંબંધિત પેન્શનર્સ સહિતના કર્મચારીઓને પેન્શનને લગતા લાભો આપવા હુકમ કર્યો છે. આ સિવાય હાઈકોર્ટે સીપીએફ લીધું હોય એવા પેન્શનર્સને સીપીએફની રકમ સેટ ઓફ કર્યા બાદ પેન્શન આપવા હુકમ કર્યો છે. આમ હાઈકોર્ટે નિવૃત્ત પ્રોફેસર્સને મોટી રાહત આપી છે. રાજયની વિવિધ કોલેજોમાંથી નિવૃત્ત થયેલા પ્રોફેસરો અને વહીવટી કર્મચારીઓને રાજ્ય સરકાર દ્વારા પેન્શન આપવાનો એ ગ્રાઉન્ડ પર ઈન્કાર કરાયો હતો કે, તેઓએ એનપીએફનો ઓપ્શન પસંદ કર્યો છે. સરકારના આ નિર્ણયથી નારાજ નિવૃત્ત પ્રોફેસરો તરફથી ગુજરાત હાઈકોર્ટમાં જુદી જુદી રિટ અરજીઓ દાખલ કરવામાં આવી હતી અને પેન્શન તેમનો કાયદેસરનો હક્ક અને અધિકાર હોઈ તેમ જ ઘડપણની જીવન ગુજારવાની મૂડી હોઈ તે ચૂકવવામાંથી સરકાર ઈન્કાર કરી શકે નહી તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. નિવૃત્ત પ્રોફેસર તરથી રાજ્ય સરકારના તેમને પેન્શન નહી આપવાના નિર્ણયને ગેરકાયદે, અયોગ્ય અને રદબાતલ ઠરાવવા પણ અરજીમાં દાદ માંગવામાં આવી હતી. જેને લઈ હાઈકોર્ટે ઉપરોકત રાહત આપતો ચુકાદો જારી કર્યો હતો.

રજતજયંતિ વર્ષ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચતુષ્પરિમાણીય પ્રસ્તુતિમાં ગાંધીનગરના ૫૦ વર્ષનો ઈતિહાસ અદભુત રીતે આલેખાયો છે. કવિ તુષાર શુક્લ અને કવિ ભાગ્યેશ જહાએ ખાસ આ પ્રસ્તુતિ માટે ગાંધીનગર વિષે ગીત-ગરબા લખ્યા છે. જેને નયનેશ જાનીએ સંગીતબદ્ધ કર્યા છે. ગાંધીનગરના જાણીતા ડાન્સ ડાયરેક્ટર ભાવિન પટેલે આ ગીતો-ગરબાને નયનરમ્ય નૃત્યથી સજાવ્યા છે. ગાંધીનગરના જ ૧૨પથી વધુ કલાકારો 'હું છું ગાંધીનગર'માં અભિનય આપી રહ્યા છે. ગાંધીનગરના ૫૦ વર્ષના ઈતિહાસનું પ્રેક્ષણીય મંચન અમૂલ્ય સંભારણું બની રહેશે.

તા.૫મી મે ને રવિવારે મનોજ જોષી અભિનીત-દિગ્દર્શિત મહાન ઐતિહાસિક હિન્દી નાટક 'ચાણક્ય' પ્રસ્તુત થશે. તા.૬ઠ્ઠી મેને સોમવારે ગુજરાતી ગીતોનો કાર્યક્રમ 'ગિરા ગુર્જરીના ગરવા ગીતો' રજૂ થશે. આપણે ગળથૂથીમાં ઘૂંટી-ઘૂંટીને પીધાં છે એવા ગુજરાતી ભાષાના ગર્વીલા ગીતો ગુજરાત ગૌરવ લઈ શકે એવા સુપ્રસિદ્ધ ગાયકો શ્રીમતી આરતી મુનશી, કલ્યાણી ઠક્કર, ગાર્ગી વોરા, આનલ વસાવડા, સંપદા વોરા, શ્યામલ મુનશી, સૌમિલ મુનશી અને પ્રહર વોરા રજૂ કરશે. સંગીત સંચાલન ગૌરાંગભાઈ વ્યાસ સંભાળશે. સૂત્રધાર હશે કવિ પ્રણવ પંડ્યા. સુરીલી સરગમના સલિલ મહેતાની આ પ્રસ્તુતિ યાદગાર બની રહેશે. તા.૭મી મે ને મંગળવારે ગુજરાતના ઘરેણા જેવા ગાયક કીર્તિદાન ગઢવી રજૂ થશે. સાથે ગાયિકા અમિતા પટેલ હશે. જ્યારે 'ગ્રીષ્મોત્સવ'નું સમાપને તા.૮મી મે એ ભારતના સુપ્રસિદ્ધ પાર્શ્વગાયક સોનુ નિગમ રજૂ થશે. પાંચ દિવસના 'ગ્રીષ્મોત્સવ'ના કાર્યક્રમો ગાંધીનગર માટે યાદગાર બની રહેશે.

સમસ્યાને ડામવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી રહી છે. જેમાં પાલજ, બાસણ અને બોરીજમાં પાણીની પાઈપલાઈનનુ કામ આગામી દિવસોમાં હાથ ધરાશે. આ માટે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે પાઈપલાઈનની કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ હજુ માળખાગત સુવિધાઓનુ ઠેકાણુ પડયુ નથી. શહેરી વિસ્તારના ગામોમાં રસ્તા, પાણી , ગટર લાઈન તેમજ સ્ટ્રીટ લાઈટ સહીતના કામો અંગે પણ વારંવાર ફરિયાદો ઉઠતી રહે છે. જયારે ગ્રામજનોને આકરી ગરમીના દિવસોમાં ફોર્સથી પાણી સપ્લાય થાય તેવુ આયોજન કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. ત્યારે શહેરી વિસ્તારના ગામોમાં પાઈપલાઈનનુ કામ હાથ ધરવા માટે ટુંકમાં આયોજન કરાશે.

અલગ વાત કહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણીની તકલીફો વિશે રજુઆત મળી નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે પાણીનો બગાડ નગરમાં વધુ થાય છે તેના પર વિજીલન્સ ગોઠવવા માટે અમે પાટનગર યોજનાના સત્તાવાળાઓને કહ્યુ હતુ જ અને તે દિશામાં બેઠકો પણ થઈ છે.મેયર રીટાબેન પટેલે કહ્યુ હતુ કે દરેક ઘરે નવી પાઈપલાઈન નાંખવી પડે તેવી સ્થિતિ છે કારણ કે આ પાઈપલાઈનો ૪૦ થી ૫૦ વર્ષ જુની થઈ ગઈ છે.

જો કે આજની પત્રકારો સાથેની વાતચીતમાં પાણીના મુદ્દે ભાજપના નેતાઓની અલગ-અલગ વાતોએ કાર્યકરોને ચોંકાવી દીધા છે એટલુ જ નહિ નગરજનોમાં પણ ચર્ચાનો મુદ્દો બની છે.

ફની વાવાઝોડું

● અનુસંધાન પહેલાનું ચાલુ

બંગાળની વાત કરવામાં આવે તો પૂર્વ અને પશ્ચિમ મિદનાપુર, દક્ષિણ અને ઉત્તર ચોવીસ પરગના અને હાવડા, હુબલી, જરગ્રામ, કોલકાતા, શ્રીકાકુલુમ, વિજયાનગરમ, વિશાખાપટ્ટનમમાં પણ ભારે વરસાદ સાથે તોફાન આવી શકે છે. આંધ્રપ્રદેશમાં ફનીની અસર શ્રીકાકાલુમ, વિજયાનગરમ અને વિશાખાપટ્ટનમ જિલ્લામાં થઈ શકે છે. આઠ લાખથી વધુ લોકોને ખસેડવામાં આવી ચુક્યા છે. આવતીકાલે આ વાવાઝોડુ પ્રચંડ તાકાત સાથે ઓરિસ્સામાં ત્રાટક્યા બાદ ચોથી મેના દિવસે સવારે પશ્ચિમ બંગાળમાં ત્રાટકશે. ઓરિસ્સા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા કહેવામાં આવ્યું છે કે, સાયક્લોન ફનીના કારણે આવતીકાલે ભારે વરસાદ થશે. વરસાદની શરૂઆત થઈ ચુકી છે. ૧૦૩ ટ્રેનો રદ કરવામાં આવી ચુકી છે. ફની વાવાઝોડાની અસર હેઠળ બેઠકોનો દોર ચાલી રહ્યો છે. વાવાઝોડાની અસર હેઠળ તમામ એરલાઈન્સોને પણ મદદ માટે તૈયાર રહેવા કહેવામાં આવી ચુક્યું છે. દરિયાકાંઠાના વિસ્તારમાંથી ૮૦ લાખથી વધુ લોકોને બસ, બોટ અને ટ્રેન મારફતે ખસેડવામાં આવી ચુક્યા છે. ભારે દહેશત પણ લોકોમાં દેખાઈ રહી છે. આંધ્ર અને ઓરિસ્સામાં વરસાદની શરૂઆત થઈ ચુકી છે. ટ્રેનો માટે પણ કેટલીક સૂચનાઓ જારી કરાઈ છે. ઓરિસ્સાના દરિયાકાઠા પર ફોની ચક્રવાતનુ સંકટ તોળાઈ રહ્યુ છે. આને લઈને વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે. રાજ્ય સરકારે દરિયાકાઠાના વિસ્તારોમાંથી લાખો લોકોને સુરક્ષિત સ્થળ પર ખસેડી દીધા છે. દરિયાકાઠાના વિસ્તાર અને નીચલા વિસ્તારમાં રહેતા આઠ લાખ લોકોને સુરક્ષિત સ્થળ પર ખસેડી દેવામાં આવ્યા છે. બેઠકોનો દોર ચાલી રહ્યો છે. મુખ્યપ્રધાન નવીન પટનાઈકના નેતૃત્વમાં સચિવાલયમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજવામાં આવી રહી છે. પ્રદેશ આર